**ફોજદારી કેસ નં.૨૧૭૧/૨૦૨૩**

**આંક–૧ લગત હુકમ**

હાલની ફરીયાદ ફરીયાદી દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ –૧૩૮ હેઠળ તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ રજુ કરવામાં આવેલ છે. હાલની ફરીયાદ રજુ થયા બાદ આરોપી વિરૂધ્ધ ઈસ્યુ કરવામાં આવેલ પ્રોસેસ આરોપી ઈંગ્લેન્ડ જતા રહેલ હોવાના શેરા સાથે અનેક વખત વગર બજે પરત આવેલ છે. ફરીયાદી તર્ફે તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ આંક.૯ થી આરોપીનુ નવુ સરનામુ રજુ કરવામાં આવેલ છે જે સરનામુ આરોપી વિરૂધ્ધ વોરંટ ઈસ્યુ કરવામાં આવતા તે પણ આરોપી ઈંગ્લેન્ડ જતા રહેલ હોવાના શેરા સાથે વગર બજે પરત આવેલ છે. ત્યારબાદ ફરીયાદી તર્ફે તા.૦૮/૦૮/૨૦૨૫ ના રોજ આંક.૧૧ થી, તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ આંક.૧૨ થી, તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ આંક.૧૩ થી આરોપીનું નવુ સરનામુ રજુ કરવા માટે મુદત અરજી રજુ થતા મંજુર કરવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ તા.૨૯/૧૦/૨૦૨૫, તા.૧૩/૧૧/૨૦૨૫, તા.૦૫/૧૨/૨૦૨૫, તા.૨૬/૧૨/૨૦૨૫, તા.૨૩/૦૧/૨૦૨૬, તા.૧૩/૦૨/૨૦૨૬ તથા તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મુદત હોવા છતા ફરીયાદી તર્ફે આરોપીનુ નવુ સરનામુ રજુ કરવામાં આવેલ નથી કે કેસની કાર્યવાહી આગળ ચલાવવા માટેનો કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. આજ રોજ ફરીયાદી કોર્ટ સમક્ષ પોતાના વકીલશ્રી સાથે રૂબરૂ હાજર રહેલ છે અને તેઓ આરોપીનુ નવુ સરનામુ રજુ કરી શકે તેમ ન હોવાનુ જાહેર કરી હાલના કેસ સંબંધે ન્યાયોચીત હુકમ કરવા મૌખીક વિનંતી કરેલ છે. જે સંજોગોને તથા ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેતા હાલની ફરીયાદ હવે પછી વધુ સમય માટે પેન્ડીંગ રાખવામાં ન્યાયનો હેતુ જળવાય તેમ ન હોય હાલની ફરીયાદ ફરીયાદી તર્ફે આરોપીનુ સરનામુ રજુ કરવામાં થયેલ કસુરને કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ.૧૧/૦૩/૨૦૨૬

(કે.આર.રાઠોડ)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
પોરબંદર
(કોડ નં. જીજે–૦૧૧૨૯)